પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૯૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૬-૦૪-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com


પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભૂકંપની તબાહીને પાછળ છોડીને ભુજ-કચ્છના લોકો નવું નસીબ લખી રહ્યા છે : PM મોદી

નવીદિલ્હી,

ગુજરાતને નવી ભેટ મળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભુજમાં કેકે પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ રાષ્ટ્રને સમર્પિત કરી હતી. આ ઘટના વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા થઈ હતી. આ હોસ્પિટલનું નિર્માણ શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ દ્વારા કરવામાં આવ્યું છે. સમગ્ર કચ્છમાં આ પ્રથમ ચેરિટેબલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ છે. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૦ બેડની આ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ રૂમમાં લાખો લોકોને સસ્તી અને શ્રેષ્ઠ સારવાર પૂરી પાડવા જઈ રહી છે. આ આપણા સૈનિકો, અર્ધલશ્કરી દળોના પરિવારો અને વેપાર જગતના ઘણા લોકો માટે શ્રેષ્ઠ સારવારની ગેરંટી તરીકે આવશે. દરેક આરોગ્ય સુવિધા રોગની સારવાર પૂરતી મર્યાદિત નથી, તે સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપે છે.

જ્યારે કોઈ ગરીબને સસ્તી અને શ્રેષ્ઠ સારવાર મળે છે ત્યારે તેનો તંત્રમાં વિશ્વાસ વધુ મજબૂત થાય છે.આરોગ્યને લગતા આટલા મોટા કાર્યક્રમ માટે કચ્છ અને ગુજરાતની જનતાને ખૂબ ખૂબ અભિનંદન. ભૂકંપના કારણે થયેલી તબાહીને પાછળ છોડીને ભુજ અને કચ્છના લોકો હવે પોતાની મહેનતથી આ વિસ્તાર માટે નવું નસીબ લખી રહ્યા છે.



આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન દર્દીઓ માટે સુવિધાઓ વધારશે. આયુષ્માન હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન દ્વારા આધુનિક અને જટિલ હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જિલ્લા અને બ્લોક સ્તર સુધી વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. દેશના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ બનાવવાનું લક્ષ્ય હોય કે તબીબી શિક્ષણને બધા માટે સુલભ બનાવવાના પ્રયાસો હોય, આગામી ૧૦ વર્ષમાં દેશને રેકોર્ડ સંખ્યામાં નવા ડોક્ટરો મળવા જઈ રહ્યા છે.

ઓનલાઈન લોકાર્પણ પ્રસંગે પીએમ મોદીએ કચ્છના વિકાસની વાતો કરી હતી. સાથે જ ટુરિઝમનો વેગ કરવા કચ્છીઓને અપીલ કરી હતી. સાથે જ કચ્છી માલધારીઓને પાણી અને પશુપાલન માટે પોતાનુ વતન ન છોડીને હિજરત ન કરવા પણ અપીલ કરી હતી. તેમણે કહ્યું કે હું કચ્છીઓને અપીલ કરુ છું કે વિદેશમાં રહેતા કચ્છી ભાઈઓ દર વર્ષે પાંચ જણાને સમજાવે, અને ભારત ફરવા માટે આગ્રહ કરે. કચ્છને ટુરિઝમ માટે વિકસાવો. કોરોનાને કારણે ટુરિસ્ટ ઘટ્યા હતા. લોકોની મદદથી ફરી ટુરિઝમ સેક્ટર ઉભુ થઈ શકે છે. તેમજ માલધારી ભાઈઓ કચ્છમાં બેત્રણ મહિના રહીને બાકીના મહિના રોડ પર જતા જોવા મળે છે. આ બાબત આપણા કચ્છને ન શોભે. અનેક લોકો પાણીના કારણે કચ્છ છોડ્યુ હતું. જેથી કચ્છીઓ વિદેશ પહોંચ્યા હતા, પરંતુ કોઈની સામે હાથ ન લંબાવ્યો. પગભર થયા અને ત્યાં સમાજ કલ્યાણના કામ કર્યા. હવે જ્યારે માલધારીઓને વિનંતી છે કે, હવે કચ્છમાં પાણી અને લીલોતરી આવી છે. અહીં હવે જીરુ વાવવામાં આવે છે. કચ્છી કેરી વિદેશ જાય છે. કમલમ ફ્રુટ, ખજૂર વગેરે ઉગે છે. તો માલધારીઓને હિજરત કરવી પડે તે ન ચાલે. હવે તો ડેરી પણ થઈ ગઈ, તેથી તમારા માટે પાંચેય આંગળીઓ ઘીમાં હોય તેવા દિવસો આવ્યા છે. તેથી

### મોદીએ કચ્છના માલધારીઓને હિજરત ન કરવા અપીલ કરી, હવે તમારા બાળકોને ભણાવો


હિજરત બંધ કરીને બાળકોને ભણાવો. મને આ બાબતને વેદના રહે છે. પીએમ મોદીએ કહ્યુ કે, સમાજ પ્રત્યે સંવેદના આપણી મોટી પુંજી છે. કચ્છની વિશેષતા છે કે કચ્છમાં આવીને તમે એના જેવા થઈ જાઓ. હવે કચ્છનો ક કતૃત્વના ક તરીકે ઓળખાય તેવી રીતે ડગ માંડો છો. કચ્છની દર્દનાક સ્થિતિ સમયથી મારો કચ્છ સાથે ગહેરો નાતો બન્યો. ગુજરાત ચારેય દિશામાં પ્રગતિ કરી રહ્યુ છે. ગુજરાતના વિકાસની વાત ગુજરાતમાં જ નહિ, પણ દેશમાં પણ તેની નોંધ લેવાઈ રહી છે. બે દાયકા પહેલા ગુજરાતમાં માત્ર ૯ મેડિકલ કોલેજ હતી. ગુજરાતના યુવાઓને ડોક્ટર થવા માટે માત્ર ૧૧૦૦ સીટ હતી. આજે એઈમ્સ અને ત્રણ ડઝનથી વધુ મેડિકલ કોલેજ છે. આજે ૬૦૦૦ વિદ્યાર્થીઓને ડોક્ટર બનાવવાની વ્યવસ્થા છે. ૨૦૨૧ માં ૫૦ બેઠકો સાથે રાજકોટમાં એઈમ્સની શરૂઆત થઈ છે. મેડિકલ કોલેજના અપગ્રેડેશનનુ કામ ચાલી રહ્યુ છે. સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ૧૫૦૦ બેડથી વધીને હવે ઘણી આગળ વધી ગઈ છે. કેન્સર, કિડની, કાર્ડિયોલોજિસ્ટ જેવી આધુનિક ટ્રીટમેન્ટ અહી થાય છે.

કેકે પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૨૦૦ બેડ છે. આ હોસ્પિટલ દર્દીઓને ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી (કેથલેબ), કાર્ડિયોથોરાસિક સર્જરી, રેડિયેશન ઓક્રોલોજી, મેડિકલ ઓક્રોલોજી, સર્જિકલ ઓક્રોલોજી, નેફ્રોલોજી, યુરોલોજી, ન્યુક્લિયર મેડિસિન, ન્યુરોસર્જરી (ન્યુરો સર્જરી), જોઈન્ટ રિપ્લેસમેન્ટ અને અન્ય આનુષંગિક સેવાઓ જેવી કે સંબંધિત વિજ્ઞાન સુવિધા જેવી સુપર સ્પેશિયાલિટી પૂરી પાડે છે. પરીક્ષણ પ્રયોગશાળા, રેડિયોલોજી વગેરે ઉપલબ્ધ રહેશે.

## બેંગલુરુમાં ભારે વરસાદથી મચી તબાહી, ઘણાં વિસ્તારમાં ભરાયા પાણી, ૧ નું મોત થયું

બેંગ્લુરૂ,

કર્ણાટકનાં ઘણાં વિસ્તારમાં ભારે વરસાદ થયો. રાજધાની બેંગ્લુરુમાં લોકોએ વરસાદને કારણે ભયંકર ગરમીથી રાહત મળી. પણ શહેરનાં ઘણાં વિસ્તારમાં પાણી ભરાઈ ગયા.રિપોર્ટ્સ અનુસાર, વરસાદ દરમિયાન કરંટ લાગવાથી એકનું મોત થઈ ગયું છે. શહેરનાં ઘણાં ભાગમાં ઝાડ પડી ગયા છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન વરસાદની સંભાવના જતાવી છે. બેંગલુરુનાં નગર પાલિકા અને ફાયર બ્રિગેડનાં જવાનોએ ઈમરજન્સી અભિયાન શરૂ કરી દીધુ છે. બીબીએમપી અનુસાર ભારે હવાને કારણે શહેરમાં ૧૨ ઝાડ નષ્ટ થઈ ગયા છે. ભારત હવામાન ખાતાએ ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. એવામાં બીબીએમપીએ તેમનાં સ્ટાફનેન એલર્ટ રહેવા સૂચના આપી છે. રસ્તા પર ટ્રાફિક જંક્શનો પર પાણી ભરાયાની સમસ્યાનો તુરંત જ નિકાલ કરવામાં આવે. બીબીએમપીનાં મુખ્યા ગૌરવ ગુપ્તાએ અધિકારીઓને કડક ચેતવણી આપી છે કે, જો લોકોની મદદ નથી કરવામાં આવતી તો જે તે અધિકારી વિરુદ્ધ કાયદેસરનાં કડક પગલાં લેવામાં આવશે. બેંગલુરુમાં રાત્રે લગભગ ૮ વાગ્યાથી ૧૦.૩૦ વાગ્યા સુધી ભારે વરસાદ પડ્યો હતો. આના કારણે બેંગ્લોર દક્ષિણના નીચાણવાળા વિસ્તારો, કથરીગુપ્પે, બનાશંકરી અને જેપી નગરના ઘણા સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે ભારે વરસાદને કારણે અનેક મોટા ગટર ભરાઈ ગયા છે. જેના કારણે રસ્તાઓ પર પાણી તેજ ગતિએ વહેવા લાગ્યું હતું. એક અંગ્રેજી અખબારના જણાવ્યા અનુસાર, વીજ કરંટથી મૃત્યુ પામનાર વ્યક્તિ મંગમનપલ્લીનો રહેવાસી હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે ફળ વિક્રેતા વસંત ઈલેક્ટ્રિક પોલ પર લટકતા કટ વાયરના સંપર્કમાં આવ્યા બાદ વીજ કરંટ લાગ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પરંતુ તેનું મોત નીપજ્યું હતું. બેંગલુરુ ઈલેક્ટ્રિસિટી સપ્લાય કંપની વિરુદ્ધ ચંદ્રલયુત પોલીસ સ્ટેશનમાં બેદરકારીનો કેસ નોંધવામાં આવ્યો છે. જો કે, બેસ્કોમના કર્મચારીઓએ આ આરોપોને નકારી કાઢ્યા છે કે ઘટના સમયે વિસ્તારમાં પાવર કટ હતો.



## દિલ્હી-મુંબઈ અને ગુરુગ્રામમાં કોરોનાના સૌથી વધારે કેસ વધ્યા, નોઈડામાં એક અઠવાડિયામાં ૪૪ બાળક સંક્રમિત થયાં

નવીદિલ્હી,

એકવાર ફરી ભારત સહિત દુનિયામાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. દિલ્હી, ગુરુગ્રામ અને મુંબઈમાં કોરોનાના નવા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. આ સંજોગોમાં દેશમાં કોરોનાની ચોથી લહેરનું જોખમ ઊભું થયું છે. દિલ્હી સહિત ગૌતમબુદ્ધનગર, ગાઝિયાબાદ, ગુરુગ્રામ જેવાં શહેરોમાં નવા કેસ ઝડપથી વધી રહ્યા છે. આ દરમિયાન બાળકો વધારે ઝપટમાં આવી રહ્યાં છે. ગૌતમબુદ્ધનગરના સીએમઓ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે અહીં એક સપ્તાહમાં ૪૪ લોકો સંક્રમિત થયા છે. અને તેમની ઉંમર ૧૬થી ૧૮ વર્ષની છે. આમ, હવે નોઈડામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૧૬૭ થઈ ગઈ છે.



દેશમાં કુલ ૭૪૩ જિલ્લામાંથી ૨૯ એવા છે, જ્યાં વીકલી પોઝિટિવ રેટ ૫% કરતાં વધારે છે, એટલે WHOના મત પ્રમાણે, આ જિલ્લામાં સંક્રમણ બેકાબૂ થઈ રહ્યું છે. એમાં ૨૩ જિલ્લામાં સ્થિતિ વધારે ખરાબ છે. આ ૨૩ જિલ્લામાં પોઝિટિવ રેટ ૧૦ ટકા કરતાં વધારે છે, જ્યારે ૮ જિલ્લા એવા છે જ્યાં પોઝિટિવ રેટ ૨૦ ટકા છે. પોઝિટિવ રેટનો અર્થ થાય છે કે ૧૦૦ ટેસ્ટમાંથી કેટલા દર્દી મળી રહ્યા છે.

દેશમાં કોરોના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મંગળવારે અને બુધવારે એક હજાર કરતાં વધારે દર્દીઓ મળ્યા હતા. જ્યારે છેલ્લા કેટલાક દિવસથી રોજના ૭૦૦-૮૦૦ કેસ આવી રહ્યા છે. છેલ્લા બે મહિનામાં એવું પહેલીવાર થયું, જેમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓ કરતાં નવા કેસની સંખ્યા વધારે હતી. મંગળવારે ૧૦૮૧ લોકો કોરોનાથી સાજા થયા હતા. દેશમાં અત્યારસુધી ૪.૩૦ કરોડ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે, જ્યારે ૫.૨૧ લાખ લોકોનાં મોત થયાં છે. એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૧ હજાર કરતાં વધારે થઈ ગઈ છે.

દિલ્હીમાં પણ ફરી એકવાર કોરોનાના કેસની સંખ્યા વધી રહી છે. અહીં ૨ મહિના પછી કોરોનાનો પોઝિટિવ રેટ ૨.૭% થઈ ગયો છે. આ પહેલાં ૫ ફેબ્રુઆરીએ પોઝિટિવ રેટ ૨.૮૭ હતા. દિલ્હીમાં અત્યારે રોજના ૧૦૦થી ૨૦૦ નવા કેસ આવી રહ્યા છે. બુધવારે દિલ્હીમાં કોરોનાના ૨૯૯ નવા કેસ નોંધાયા હતા. આ પહેલાં મંગળવારે ૨૦૨ લોકો પોઝિટિવ નોંધાયા હતા. હરિયાણાના ગુરુગ્રામમાં પણ કોરોનાના નવા કેસ વધી રહ્યા છે. અહીં બુધવારે કોરોનાના ૧૪૮ દર્દી નોંધાયા હતા. છેલ્લા ૪૦ દિવસમાં આ સૌથી વધારે છે. અહીં ગયા મહિનાના અંત સુધીમાં સરેરાશ ૩૦ જ કેસ નોંધાતા હતા. દેશનું આર્થિક પાટનગર મુંબઈમાં પણ કોરોનાના કેસની સંખ્યા વધી રહી છે.

(અનુ.પાના.નં.૨)

## મુંબઈ એરપોર્ટ પર વિદેશી દાણચોર ૨૪ કરોડના હેરોઈન સાથે ઝડપાયો, પોલીસે ધરપકડ કરી

મુંબઈ,

નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો (એનસીબી)એ મુંબઈ એરપોર્ટ પર એક વિદેશી પ્રવાસની ૨૪ કરોડ રૂપિયાના હેરોઈન સાથે ધરપકડ કરી હતી. આરોપીએ તેની બેગમાં ગુપ્ત જગ્યા બનાવીને ૩.૯૮ કિલો હેરોઈનનો જથ્થો સંતાડીને રાખ્યો હતો. આરોપી આ નશીલો પદાર્થ કોને આપવાનો હતો અને આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીની માહિતી પોલીસ મેળવી રહી છે.



દક્ષિણ આફ્રિકાના જોહન્સિબર્ગથી આવનારી વ્યક્તિ પાસે હેરોઈન હોવાની માહિતી એનસીપીના મુંબઈ ઝોનલ અધિકારીને મળી હતી. મુંબઈ છત્રપતિ શિવાજી આંતતરાષ્ટ્રીય એરપોર્ટ પર પોલીસે તેની ટ્રોલી બેગની તપાસણી કરી હતી. બેગમાં ગુપ્ત જગ્યા બનાવીને ચાર થેલીમાં હેરોઈનનો જથ્થો રાખવામાં આવ્યો હતો. બેગનો આગળનો ભાગ તોડતા હેરોઈન મળી આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આ હેરોઈનની કિંમત અંદાજે ૨૪ કરોડ રૂપિયા છે.ગત વર્ષે એનસીપીએ દક્ષિણ આફ્રિકાથી મુંબઈ એરપોર્ટ પર આવેલી મહિલા પ્રવાસીને ૩.૯ કિલો હેરોઈન સાથે પકડી હતી, એમ એક ઓફિસરે જણાવ્યું હતું.

## અરુણાચલ પ્રદેશમાં ભૂકંપનો ઝટકો, રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૫.૩ નોંધવામાં આવી

ઈટાનગર,

શુક્રવારની સવારે ફરી એક વખત દેશનાં પૂર્વોત્તર વિસ્તારમાં ભૂકંપનો જોરદાર ઝટકો લાગ્યો અને લોકોમાં ડર વધી ગયો છે. અરુણાચલ પ્રદેશમાં દિવસ ઉગતા જ ભૂકંપનો ઝટકાથી ધરતી કંપી ઉઠી હતી. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી મજુબ, આ ભૂકંપની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ની નોંધવામાં આવી છે. એટલું જ નહીં દ્રજીઝ મુજબ, ભુકંપનું કેન્દ્ર ઉત્તરમાં પાંગિન જણાવવામાં આવી રહ્યું છે. સ્થાનિક લોકો મજુબ, થોડા સમયમાં ઝટકા બંધ થઈ ગયા હતાં પણ ત્યાં સુધી લોકો ઘરની બહાર દોડી આવ્યાં હતાં. અને ઘણાં સમય સુધી ઘરની બહાર જ હતાં. લોકોમાં ડરનાં માહોલ જોવા મળ્યો હતો. જોકે પ્રશાસને પેનિક ન થવાની સલાહ આપી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભૂકંપના આંચકા બાદ હજુ સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી. જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે અફરાતફરી મચી ગઈ હતી. લોકો પોતાનો જીવ બચાવવા ઘરની બહાર આવી ગયા હતા. પ્રશાસને લોકોને શાંતિ જાળવવા અને ગભરાશો નહીં તેવી અપીલ કરી છે. જેના કારણે ગયા અઠવાડિયે રવિવારે કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ૭૦ કિમી દૂર ઈએનઈ કેમ્પબેલમાં આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૬ હતી. જો કે આ દરમિયાન કોઈ જાનહાની કે જાનહાનિના સમાચાર નથી.ગયા અઠવાડિયે જ ગુજરાતનાં કચ્છ જિલ્લામાં ૩.૨ની તીવ્રતાના આંચકા અનુભવાયા હતા. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મિક રિસર્ચ અનુસાર, અહીં બપોરે ૧૨.૪૯ વાગ્યે આંચકા અનુભવાયા હતા અને તેનું કેન્દ્રબિંદુ કચ્છના રાપરથી એક કિલોમીટર દૂર હતું.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વિવિધ લક્ષ્મી મહીલા જુથ

મુ. વાંકડીયા, તા. હાલોલ, જી. પંચમહાલ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સી. એ. શાહ

મુ. દેલોલ, તા. કાલોલ, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને માનગઢધામના વિકાસ માટે પ્રોજેક્ટ રજુ કરાતા સચિવ કક્ષાના અધિકારીઓએ માનગઢધામની મુલાકાત લીધી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
માનગઢધામનો બોહળો વિકાસ થાય ગુરૂગોવિંદ અને આદિવાસીઓનો ગૌરવશાળી ઈતિહાસ લોકો સમક્ષ રજુ થાય માનગઢધામનો પ્રવાસન ક્ષેત્રે સંપૂર્ણપણે વિકાસ થાય તે હેતુસર ગુજરાત સરકારના મંત્રી પ્રો.ડૉ.કુંબેરભાઈ ડીંડોર દ્વારા માનગઢધામના વિકાસ માટે ૧૦૦ કરોડ કરતા પણ વધુ રકમનો એક પ્રોજેકટ પ્લાન તૈયાર કરી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને દિલ્હી ખાતે રૂબરૂ મળી માનગઢધામના વિકાસ હેતુ રજુઆત કરવામાં આવી હતી. મંત્રી કુંબેરભાઈ ડીંડોરની રજુઆત પગલે પ્રધાનમંત્રી કાર્યાલય માંથી આદેશ પગલે ગુજરાત સરકારના કમિશ્નર અને સચિવ કક્ષાના અધિકારીઓએ માનગઢ ધામની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યુ હતું. માનગઢધામ ખાતે ગુજરાતના ઈલેકશન કમિશ્નર સંજય પ્રસાદ, વિજીલીયન્સ કમિશ્નર સંગીતા સિંગ, આદિજાતી વિભાગના મુખ્ય સચિવ મુરલી કિશ્ના, સાથે મંત્રી કુંબેરભાઈ ડીંડોર, ટ્રાયબલ રિર્સચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટરના ડાયરેકટર દેવચંદ વહોનિયા, ઈતિહાસવિદના પ્રો. ડૉ.અરૂણભાઈ વાઘેલા, સંશોધક ગણેશભાઈ નિસરતા, પશ્ચિમ રેલ્વેના સભ્ય રીતેષભાઈ પટેલ, સંતરામપુરના પ્રાન્ત અધિકારી જાદવ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ, પદાધીકારીઓ માનગઢની મુલાકાત લઈ માનગઢ ધામ ખાતે રાષ્ટ્રીય શહિદ સ્મારક બને, ગુરૂગોવિંદ નેશનલ ટ્રાયબલ મેમોરીયલ પાર્ક બને, આદિવાસીઓની અસ્મિતાને ઉજાગર કરતું વન નિમાર્ણ થાય, માનગઢ પરિક્રમા દર્શન રૂટનું નિમાર્ણ થાય, એક ડુંગર પરથી બીજા ડુંગરને જોડતા ઝુલતા પુલનું નિમાર્ણ થાય, સ્કાય વોલ, શહિદોની યાદમાં ઝાંખી દર્શાવતો ભવ્ય પ્રદર્શની હોલ બને તેની સાથે અનેક પ્રકારની સુવિધાઓ થી સજ્ઞ માનગઢધામનું નિમાર્ણ થાય તે માટે ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ દ્વારા માનગઢધામનું ચાર કલાક સુધી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સચિવોએ ગુરૂગોવિદની ધુણીના દર્શન કરી રાજસ્થાનમાં આવેલ માનગઢ ધામના પ્રદર્શની હોલ શહોદોની યાદમાં બનાવેલ સ્મારક, વ્યુ પોઈન્ટની પણ મુલાકાત લીધી હતી.

# ચાલુ વાહને મોબાઈલ ફોનથી વાતો કરતાં ૧૬ હજાર લોકો ઝડપાયા, ૮૪ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો



અમદાવાદ,
અમદાવાદમાં વધતી વસતીને કારણે ટ્રાફિક પણ વધી રહ્યો છે. તેની સાથે અકસ્માતોની સંખ્યા પણ વધી રહી છે. અકસ્માતો અટકાવવા હેલ્મેટ ફરજિયાત પહેરવું જરૂરી છે. જો નહીં પહેર્યું હોય તો દંડ કરવામાં પણ આવે છે. ત્યારે લોકો મોબાઈલ પર ફોન કરતાં પોતાનું વાહન હંકારતાં હોય છે. જેના કારણે પણ અકસ્માત થવાની શક્યતાઓ રહેલી છે. પોલીસે છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં મોબાઈલ પર વાત કરતાં વાહન ચલાવતાં ૧૬ હજારથી વધુ લોકોને ઝડપી લેવામાં આવ્યાં છે.

તેમને ૮૪ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. સૌથી વધુ મોબાઈલ પર વાત કરતાં ડ્રાઈવિંગ કરતાં કેસ પર નજર કરીએ તો ૫૦ ટકા ટુવ્હીલર, ૩૫ ટકા જેટલા કાર ચાલકો, ૧૦ ટકા જેટલા રિક્ષા ચાલકો હોય છે.

૨૦૨૦ તેમજ ૨૦૨૧માં મોબાઈલ સાથે ડ્રાઈવિંગ કરતા કુલ ૧૬ હજાર ૭૯૭ કેસ કરીને ૮૪ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. મોબાઈલનું દુષણ ઘર ઓફિસ અને હવે રોડ પર પણ ઘર કરી રહ્યું છે ત્યારે મોબાઈલ ફોનનો વાહન પરનો ઉપયોગ એ તમારી અને અન્ય વાહન ચાલકોની જિંદગી જોખમમા મૂકી શકે છે માટે ટેકનોલોજીના ઉપયોગ સાથે દુરુપયોગ ના થાય તે પણ જોવું જરૂરી છે. આ માટે લોકોએ સ્વયં જાગૃત થવુ પડશે.

ટ્રાફિકના નિયમના ઉલ્લંઘન બદલ અમદાવાદ ટ્રાફિક પોલીસ રોજનો રૂ.૧૦ લાખનો દંડ વસૂલ કરે છે. જેમાંથી ૬ લાખ દંડ તો સીટ બેલ્ટ અને હેલમેટ પહેર્યા વગર ફરતા વાહનચાલકો જ ભરી રહ્યા છે. આમ અમદાવાદ ટ્રાફિક પોલીસની આવકનો ૬૦ થી ૭૦ ટકા હિસ્સો સીટ બેલ્ટ, હેલમેટની આવકનો છે. પોલીસ પણ હેલમેટ પહેર્યા વગર જો કોઈ વાહન ચાલક પહેલી વખત પકડાય તો રૂ.૫૦૦ દંડ વસૂલ કરે છે. તેવી જ રીતે સીટ બેલ્ટ પહેર્યા વગર જો કોઈ કાર ચાલક પહેલી વખત પકડાય તો તેની પાસેથી ટ્રાફિક પોલીસ રૂ.૫૦૦ દંડ વસૂલ કરે છે. જ્યારે બીજી વખત જો કોઈ વાહન ચાલક હેલમેટ કે સીટ બેલ્ટ વગર પકડાય તો પોલીસ તેની પાસેથી રૂ.૧૦૦૦ દંડ વસૂલ કરે છે.

ગુજરાત વિધાનસભાના સત્રમાં પ્રશ્નોત્તરીકાળમાં કોંગ્રેસે સવાલોથી સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યએ ઈ મેમો અંગેનો સવાલ પૂછતાં રાજ્ય સરકારે લેખિતમાં જવાબ આપ્યો હતો કે, બે વર્ષમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૫૬ લાખ ૧૭ હજાર ૫૪૫ ઈ-મેમો ઈશ્યુ કરી તે પૈકી ૬૧ કરોડ ૪૨ લાખ ૫૦ હજાર ૯૯૩ રૂપિયા વસુલવામાં આવ્યા છે. જ્યારે ૩૦૯ કરોડ ૩૩ લાખ ૭૪ હજાર ૯૪૭ રૂપિયા વસુલવાના બાકી છે.

## કોંગ્રેસથી નારાજ હાર્દિક પટેલને આપની ઓફર

# હાર્દિકનું સ્વાગત કરવા તૈયાર છીએ, અમારી સાથે જોડાવો, સાથે મળીને લડીએ : ઈટાલિયા

અમદાવાદ,
હાર્દિક પટેલે પોતાના જ પક્ષ સામે બાંયો ચઢાવી છે. જેને કારણે કોંગ્રેસ હાઈકમાન્ડ અને હાર્દિક પટેલ સામસામે આવી ગયા છે. હાર્દિક પટેલની ફરિયાદને ગંભીરતાથી ન લેતા તે પાર્ટી છોડે તેવા સંકેત આપ્યા છે. સાથેસાથે આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી શક્યતાઓ ચર્ચાઈ રહી છે. આ ચર્ચા વચ્ચે આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાએ કોંગ્રેસના નેતા હાર્દિક પટેલને આપમાં જોડાવા આમંત્રણ આપ્યું છે. ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે, કોંગ્રેસથી નારાજ હાર્દિક પટેલનું સ્વાગત કરવા આમ આદમી પાર્ટી તૈયાર છે.

આપના અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે આમ આદમી પાર્ટી સંઘર્ષની પાર્ટી છે, અમે લોકો માટે લડીએ અને આવાજ ઉઠાવીએ છીએ. હાર્દિક પણ લોકો માટે અવાજ ઉઠાવે છે, હાર્દિક જેવા લડવૈયાએ આમ આદમી પાર્ટી સાથે જોડાવવું જોઈએ. હાર્દિક સાથે સામાજિક રીતે જોડાયેલા છીએ, હાર્દિક મારો મિત્ર છે એટલે સમયાંતરે સંપર્કમાં રહેતા હોઈએ છીએ. અનેક પ્રકારની વાતચીત મારી અને હાર્દિક વચ્ચે થતી રહેતી હોય છે.

નરેશ પટેલ અંગે જવાબ આપતા ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે ગુજરાતની જનતા માટે જે પણ લડવા માગે છે એમનું સ્વાગત કરીએ છીએ. ભાજપના અહંકારને ઉતારવા માટે સૌ કોઈ આમ આદમી પાર્ટી સાથે જોડાય. તો ગુજરાતમાં ચૂંટણી નજીક આવતા **AIMIM** ના અધ્યક્ષ પણ અમદાવાદ આવ્યા એ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે આ વખતે લડાઈ માત્ર બે પક્ષ વચ્ચે છે. ભાજપનો અહંકાર અને ગુજરાતની જનતા વચ્ચે ચૂંટણીમાં લડાઈ થશે, ગુજરાતની જનતા જીતશે. અમને હાર્દિક પટેલ સહિત સૌ કોઈ માટે લાગણી છે અને સૌ અમારી સાથે જોડાય એવી અપીલ છે. રાજ્યમાં બે પક્ષની મોનોપોલી ચાલી રહી છે, ભાજપ અને કોંગ્રેસની ભ્રષ્ટતાની મોનોપોલી તોડવાની છે. આ ભ્રષ્ટાચારની મોનોપોલી તૂટશે તો જનતાને લાભ મળશે.

હાર્દિક પક્ષપલટો કરે તો સમર્થકો કે મતદારોનો વિશ્વાસ તૂટે, ભૂતકાળમાં જે કોંગ્રેસથી ભાજપમાં જોડાયા એમની પર ખુદ હાર્દિક અલગ અલગ આક્ષેપો કરતા રહ્યા છે તો શું હવે એવા આક્ષેપો હાર્દિક ઉપર પણ લાગશે જો આપમાં જોડાય છે તો તેના જવાબમાં ગોપાલ ઈટાલિયાએ કહ્યું કે અત્યારે હાર્દિકે પાર્ટીના સંગઠનમાં છે, જનતાએ એમને ચૂંટ્યા નથી, આ બે વાતમાં ફરક છે. હાર્દિક જનતાના મતથી ધારાસભ્ય કે સંસદ નથી બન્યા. હાર્દિક પક્ષના પદ પર છે એટલે એ અમારી સાથે જોડાય તો દ્રોહ ના કહી શકાય. એ જનતાના મતથી જીત્યો હોય અને પક્ષ બદલે તો અલગ વાત હોય શકે.

ઉલ્લેખનીય છે કે, હાર્દિક પટેલે ટ્વિટર પર કોંગ્રેસ હાઈકમાન્ડ સામે બળવો કર્યો છે. ટ્વીટ કરીને હાર્દિક પટેલે કોંગ્રેસની નેતાગીરી સામે સવાલ ઉઠાવ્યો છે. હાર્દિકે કહ્યું, હું પદનો મોહતાજ નથી, કામનો ભૂખ્યો છું. સાથે જ હાર્દિક પટેલે મોટી વાત કરી કે, મને એટલો હેરાન કરવામાં આવે છે કે મને તેના વિશે ખરાબ લાગે છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ ઈચ્છે છે કે હું પાર્ટી છોડી દઉં. મને વધુ દુઃખ થયું છે કારણ કે મેં રાહુલ ગાંધીને ઘણી વખત પરિસ્થિતિ જણાવી છે, પરંતુ કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. આમ, નરેશ પટેલના મુદ્દે નિવેદન આપવુ હાર્દિક પટેલને ભારે પડ્યુ છે, તેણે પાર્ટી હાઈકમાન્ડ સામે નારાજગી વહોરી લીધી છે. હાર્દિક પટેલ પાર્ટીથી નારાજ હોવાનો અને રાહુલ ગાંધી સુધી પોતાની ફરિયાદ કર્યાનું જણાવ્યું છે. જોકે તેની ફરિયાદને ગંભીરતાથી ન લેતા પાર્ટી છોડે તેવા સંકેત આપ્યા છે. સાથેસાથે આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી શક્યતાઓ ચર્ચાઈ રહી છે.

# કેમિકલ ટેક્કર્સમાંથી પ્રવાહીની ચોરી કરીને ગેરકાયદેસર વેચાણ કરતા પાંચ ઝડપાયા

અમદાવાદ,
અમદાવાદ પોલીસને એવી બાતમી મળી હતી કે, કેટલાક લોકો રોડ પરથી નીકળતા કેમિકલ ટેક્કર્સના ડ્રાઈવર્સ સાથે સાંઠગાંઠ કરીને તેની ચોરી કરે છે અને તેનું ગેરકાયદેસર રીતે વેચાણ કરે છે. બાતમી પ્રમાણે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંકળાયેલા ઈસમો ટેક્કરના ડ્રાઈવર્સને ભાગ્યોદય હોટેલ પાસે આવેલા ભાવના ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં લઈ જતા હતા. ત્યાં ટેક્કર પર મારવામાં આવેલા સીલ સાથે છેડછાડ કરવામાં આવતી હતી અને કેમિકલની ચોરી કરવામાં આવતી હતી.

આરોપીઓ ટેક્કરના સીલ પર લગાડવામાં આવતા વાયર ઢીલા કરીને મુખ્ય વાલ્વ ખોલીને ટેક્કરમાંથી કેમિકલ ચોરી લેતા હતા. આ પ્રકારની ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડવામાં આવતા ટેક્કરમાંથી કેમિકલ ચોરીને તેને બેરલમાં ઠલવી રહેલા ૫ ઈસમો પકડાઈ ગયા હતા.

દરોડા દરમિયાન અમદાવાદ એસઓજીએ ૪,૨૩,૩૩૦ રૂપિયાનું મૂલ્ય ધરાવતા ૪,૧૧૦ લીટર કેમિકલ ભરેલા ૨૩ નંગ બેરલ અને કેરબા જપ્ત કર્યા છે. પોલીસે ફોક્સ વેગન વેન્ટો કાર, ૧ લાખ જેવી રોકડ, ૪ નંગ મોબાઈલ, ૩૦૦ રૂપિયાનું મૂલ્ય ધરાવતી ચોરીમાં વપરાતી ૩ પાઈપ, ૪,૧૦૦ રૂપિયાનું મૂલ્ય ધરાવતા ૪૧ નંગ ખાલી બેરલ અને જપ્ત કરવામાં આવેલો કેમિકલનો જથ્થો સહિત કુલ ૭,૮૯,૨૩૦ રૂપિયાનું મૂલ્ય ધરાવતો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે ચોરીમાં સંડોવાયેલા બુરાનખાન હબીબખાન પઠાણ (ડ્રાઈવર, રહે. ગાંધીધામ, મૂળ રાજસ્થાન), શૈલેષભાઈ રામભાઈ પટેલ (ભાડજ, અમદાવાદ), વિનોદકુમાર બાબુલાલ મીણા (ગોતા-અમદાવાદ, મૂળ ઉદયપુર) નારાયણ હીરાલાલ મીણા (ગોતા-અમદાવાદ, મૂળ ઉદયપુર), વિજયપાલ નવલરામ મીણા (ગોતા-અમદાવાદ, મૂળ ઉદયપુર)ને ઝડપી લીધા છે. જ્યારે અમદાવાદમાં રહેતા નિતીન પ્રહલાદભાઈ પટેલ અને બિનય ઉર્ફે બોનીભાઈ આ કેસમાં વોન્ટેડ છે.

# ૧૯મી એપ્રિલે PM મોદી બનાસ ડેરીના નવીન પ્લાન્ટનું ઉદઘાટન કરશે

પાલનપુર,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ૧૯ તારીખે બનાસકાંઠાના દિયોદરમાં બનાસડેરીના નવીન પ્લાન્ટના ઉદઘાટનમાં આવનાર છે. જેને લઈને કાર્યક્રમની તૈયારીઓનું નિરીક્ષણ ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કર્યું હતું અને તંત્રને જરૂરી સૂચનો આપ્યા હતા. દિયોદરના સણાદર ખાતે બનાસડેરીનો નવીન અત્યંત આધુનિક પ્લાન્ટ બનીને તૈયાર છે. ત્યારે તેનું ઓપિંગ કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૯ એપ્રિલે આવવાના હોઈ બનાસડેરીના પ્લાન્ટ ખાતે પ્રધાનમંત્રીના કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ થઈ રહી છે. ત્યારે તેનું નિરીક્ષણ કરવા ગૃહમંત્રી હર્ષ સંઘવી બનાસડેરીના ચેરમેન શંકર ચૌધરી સાથે પહોંચી પ્રધાનમંત્રીના કાર્યક્રમના સ્થળનું નિરીક્ષણ અને ચાલી રહેલી તૈયારીઓનું નિરીક્ષણ કાર્ય હતું. તે બાદ ગૃહમંત્રીએ બનાસડેરીના નવીન પ્લાન્ટની અત્યાધુનિક ટેકનોલોજી અને વિવિધ પ્લાન્ટની મુલાકાત લઈને તેની સમજ મેળવી હતી અને કહ્યું હતું કેપ્રધાનમંત્રી ૧૯ તારીખે દિયોદરની વર્લ્ડ કલાસ બનાસડેરીનું ઓપનિંગ કરવા આવી રહ્યા છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. આજે કોઈ મહત્વપૂર્ણ કાર્યને કારણે વ્યસ્તતા વધારે રહેશે, બિનજરૂરી ખર્ચ ટાળો.

વૃષભ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

મિથુન : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે. ઉતાવળ અને ભાવુક થઈને લીધેલા નિર્ણયો પાછળથી પસ્તાવો લાવી શકે છે.

કર્ક : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે. પરંતુ તમને તેમના શબ્દોથી અસર થશે નહીં.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે. ઓફિસમાં સાથીઓ સાથે થોડો વિવાદ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે.

તુલા : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે. વિદ્યાર્થીઓ માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મેળવશે અને તેઓ પહેલાથી હળવાશ અનુભવે છે.

વૃશ્ચિક : આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે. તમે સાંજે ધાર્મિક સ્થળોએ જવાનું કાર્ય કરી શકો છો.

ધન : આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે. જીવનસાથીનો સહયોગ પુરતી માત્રામાં મળશે.

મકર : આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે. સાંજે માતાની તબિયતમાં સુધારો થશે.

કુંભ : આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો. આનાથી તમને ભવિષ્યમાં ફાયદો થશે.

મીન : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સંબંધીઓમાં તમારી લોકપ્રિયતા વધશે.

(પાન નં.૧ નું ચાલુ)

## દિલ્હી-મુંબઈ અને ગુરુગ્રામમાં.....

મુંબઈમાં બુધવારે ૭૩ નવા કેસ નોંધાયા છે. અહીં ૧૭ માર્ચ પછી સૌથી વધારે કેસ નોંધાયા છે. એક્સપર્ટનું કહેવું છે કે ચોથી લહેર માટે આ અલાર્મિંગ પરિસ્થિતિ છે, તેથી એલર્ટ રહેવું ખૂબ જરૂરી છે.

સૌથી પહેલા પોઝિટિવ રેટ શું એ જાણવું ખૂબ જરૂરી છે. જો તમારી સોસાયટીમાં ૧૦૦ લોકોના ટેસ્ટ કરવામાં આવે અને તેમાંથી ૨૦ લોકો પોઝિટિવ નોંધાય તો એનો અર્થ થયો કે પોઝિટિવ રેટ ૨૦% છે. સામાન્ય રીતે પોઝિટિવ રેટ ૪થી ૫ ટકા સુધી હોય તો એ સામાન્ય ગણવામાં આવે છ, પરંતુ **WHO** કહે છે કે જો એ ૫% કરતાં વધી જાય તો સ્થિતિ નિયંત્રણ બહાર છે એવું કહી શકાય. ભારતમાં અત્યારે સાપ્તાહિક પોઝિટિવ રેટ ૦.૨૪% છે. જોકે દેશનાં ૭ રાજ્યના ૨૯ જિલ્લામાં સાપ્તાહિત એટલે કે ૫થી ૧૧ એપ્રિલ દરમિયાન પોઝિટિવ રેટ ૫%થી વધારે છે. આ ૭ રાજ્યમાં કેરળ, અરુણાચલ પ્રદેશ, હિમાચલ પ્રદેશ, મિઝોરમ, હરિયાણા, મણિપુર અને ઓડિશા છે. કેરળના ૧૪ જિલ્લા એવા છે, જ્યાં પોઝિટિવ રેટ ૧૦%થી વધારે છે. જ્યારે ૫ જિલ્લા એવા છે જ્યાં પોઝિટિવ રેટ ૧૫% કરતાં વધારે છે. આ સિવાય ૨ જિલ્લા એવા છે, જ્યાં ૨૦% કરતાં પણ વધારે છે. મિઝોરમના ૧૦ જિલ્લામાં પોઝિટિવ રેટ ૫%થી વધારે છે. ૭ જિલ્લામાં ૧૦% અને ૫ જિલ્લામાં એ ૨૦% છે. અરુણાચલ પ્રદેશના અપર સિયાંગ જિલ્લામાં ૧૦૦% એટલે કે દરેક લોકો કોરોના સંક્રમિત છે. જ્યારે હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પિતિમાં કોરોના પોઝિટિવ રેટ ૧૨.૫૦% છે. હરિયાણાના ગુરુગ્રામમાં સૌથી ઝડપથી કોરોનાના કેસ વધી રહ્યા છે. અહીં સાપ્તાહિક પોઝિટિવ રેટ વધીને ૫.૮૧% થઈ ગયો છે. મણિપુરના તેંગનોઉપલ જિલ્લામાં સાપ્તાહિક પોઝિટિવ રેટ ૫.૪૧% છે. ઓડિશાના ખોર્ધા જિલ્લામાં એ ૮.૬૮% છે.

કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે કોરોના હજી ખતમ નથી થયો. લોકોએ સુરક્ષા જાળવવી જરૂરી છે. દેશનાં ઘણાં રાજ્યોમાં કેસ વધતાં માંડવિયાએ દેશના ટોપ એક્સપર્ટ સાથે બેઠક કરી હતી. આ દરમિયાન માંડવિયાએ કોરોનાથી એલર્ટ રહેવાના આદેશ આપ્યા હતા. માંડવિયાએ કહ્યું હતું કે કોવિડ-૧૯ની સ્થિતિ નિયંત્રણમાં છે. સરકાર સતત એના પર નજર રાખી રહી છે અને રાજ્યોને જરૂરી સલાહ આપી રહી છે. આ પહેલાં સ્વાસ્થ્ય મંત્રાલયે ચીન અને અમેરિકામાં વધતા કોવિડ કેસમાં પાંચ રાજ્યોને એલર્ટ જાહેર કર્યું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે દિલ્હી, હરિયાણા, કેરળ, મહારાષ્ટ્ર અને મિઝોરમની સરકારને ચિઠ્ઠી લખી છે. રાજ્યોમાં એલર્ટ વધારવા અને સંક્રમણનો દર વધવાનાં કારણોની ગંભીરતાથી તપાસ કરવા કહ્યું છે.

સ્વાસ્થ્ય સચિવે કહ્યું હતું કે આ રાજ્યોમાં ડેઈલી પોઝિટિવ રેટ વધી રહ્યો છે, એટલે કે રોજ નવા કોરોનાના કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.ગૌતમબુદ્ધનગરમાં સંક્રમણ સતત વધી રહ્યું છે. ગુરુવારે સ્વાસ્થ્ય વિભાગના રિપોર્ટમાં ૪૪ નવા કેસ નોંધાયા છે. એમાં ૧૫ બાળકો સામેલ છે. ૫ દિવસમાં ૪૦થી વધારે બાળકો કોરોનાની ઝપટમાં આવી ગયા છે. ૨૦થી વધારે બાળકોની સારવાર હોમ આઈસોલેશનમાં ચાલી રહી છે.

# વધતી ગરમીમાં ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં વીજ સંકટ વધ્યું, દેશમાં માત્ર ૯ દિવસ ચાલે એટલો જ કોલસો

નવીદિલ્હી,
ગરમી વધતા જ દેશમાં વીજ સંકટ વધી ગયું છે. તેનું કારણ છે કોલસાની અછત. વીજ કાપના કારણે ઉદ્યોગો પણ પ્રભાવિત થવાની શક્યતા છે. દેશની અર્થવ્યવસ્થા કોરોના અને લોકડાઉનમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરી રહી છે ત્યારે એવું લાગે છે કે વીજ સંકટ આ સુધારા પર બ્રેક લાવી શકે છે. માનવામાં આવે છે કે, આગામી સમયમાં ગુજરાત, યુપી, મહારાષ્ટ્ર, પંજાબ સહિત ૧૨ રાજ્યોમાં વીજ સંકટ ઉભું થઈ શકે છે. હવે કેન્દ્ર સરકારે પણ કોલસાની અછતની વાત સ્વીકારી લીધી છે. જોકે સરકારનું કહેવું છે કે, યુપી, પંજાબમાં કોલસાની અછત નથી, જ્યારે આંધ્ર, રાજસ્થાન, તમિલનાડુ જેવા રાજ્યોમાં કોલસાની અછત ચોક્કસ દેખાય છે.

કેન્દ્રીય ઉર્જા મંત્રી આર કે સિંહને જ્યારે કોલસાની અછત વિશે સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, પંજાબ અને યુપીમાં કોલસાની અછત નથી. જ્યારે આંધ્ર, રાજસ્થાન, તમિલનાડુમાં કોલસાની અછત છે. તેમણે કહ્યું કે, આ રાજ્યોમાં કોલસાની અછતના અલગ અલગ કારણો છે. તમિલનાડુ આયાત કરેલા કોલસા પર નિર્ભર છે. પરંતુ છેલ્લાં કેટલાક દિવસોથી કોલસાની આયાતના ભાવ વધારે છે તેથી કેન્દ્ર સરકારે હવે રાજ્ય સરકારને તેમની જરૂરનો કોલસો જાતે આયાત કરવા કહ્યું છે.

બીજી બાજુ આંધ્રમાં પણ કોલસાનું સંકટ છે. અહીં રેલવેથી કોલસો પહોંચાડવામાં વાર લાગી રહી છે. તે સિવાય આંધ્ર પ્રદેશના કોલ પ્લાન્ટમાં વિસ્ફોટકની અછત થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, યુક્રેન-રશિયા યુદ્ધના કારણે વિસ્ફોટકની અછત થઈ છે.ઉર્જામંત્રીએ વધુમાં કહ્યું છે કે, દેશમાં કોલસાની માંગ ઝડપથી વધી રહી છે. માંગ કુલ ડિમાન્ડના ૯% વધી છે. આ વર્ષે જેટલી ઝડપથી ડિમાન્ડ વધી છે તેવું પહેલાં કદી નથી થયું. દેશમાં કોલસાના સ્ટોકમાં ઘટાડો થયો છે. આજથી દેશમાં કોલસાનો સ્ટોક ૯ દિવસનો જ વધ્યો છે. આ રેશિયો પહેલાં ૧૪-૧૫ દિવસનો રહેતો હતો. એ વાત સાચી છે કે, જેટલી ઝડપથી ડિમાન્ડ વધી છે તેટલી ઝડપથી સપ્લાય નથી વધ્યો.

આ સંકટની અસર આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત જેવા રાજ્યોમાં જોવા મળી રહી છે. આંધ્રપ્રદેશમાં ઓટોમોબાઈલથી લઈને દવા કંપનીઓના પ્લાન્ટમાં જરૂરિયાતની સામે ૮.૭ ટકા સ્ટોક ઓછો છે. તેના કારણે વીજ કાપ વધ્યો છે. પાવર પ્લાન્ટ્સ પાસે એક એપ્રિલે માત્ર ૯ દિવસના વપરાશ જેટલો કોલસાનો સ્ટોક વધ્યો છે. જ્યારે ગાઈડ લાઈન પ્રમાણે આ સ્ટોક ૨૪ દિવસનો હોવો જોઈએ.ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, ગુજરાત, આંધ્રપ્રદેશ, બિહાર, કર્ણાટક, તેલંગાણા, મધ્ય પ્રદેશ, ઝારખંડ, હરિયાણા અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં વીજ સંકટ વધી રહ્યું છે. ઉત્તરપ્રદેશમાં ૨૧થી ૨૨ હજાર મેગાવોટ વીજળીની માંગ છે. જ્યારે માત્ર ૧૯થી ૨૦ હજાર મેગાવોટ વીજળીનો સ્ટોક છે. રાજ્યનો સૌથી મોટો પ્લાન્ટ અનપરામાં છે. અહીં માત્ર ચારથી પાંચ દિવસ ચાલે તેટલો જ કોલસો વધ્યો છે. રેલ રેકથી કોલસાનો સ્ટોક સમયસર પહોંચતો ના હોવાથી સ્થિતિ વધારે ખરાબ થઈ રહી છે.

આંધ્રપ્રદેશમાં વીજ સંકટના કારણે કંપનીઓના ઉત્પાદન પર વધારે અસર થઈ રહી છે. રાજ્યમાં સ્ટેઈનલેસ સ્ટીલનું ઉત્પાદન કરતી કંપનીઓએ વીજ કાપના કારણે તેમનું ઉત્પાદન ૫૦ ટકા ઘટાડી દીધું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં માંગ અને સ્ટોકની વચ્ચે વધતા અંતરના કારણે વીજ કાપ શરૂ થઈ ગયો છે. બિહાર, ઝારખંડ, હરિયાણા અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં પણ માંગ અને સ્ટોક વચ્ચે ૩ ટકાનું અંતર થઈ ગયું છે.

દેશમાં કુલ વીજ ઉત્પાદનના ૭૦થી ૭૫ ટકા ઉત્પાદન કોલસામાંથી થાય છે. વીજ ઉત્પાદન પ્લાન્ટ સુધી રેલવે દ્વારા સમયસર કોલસો ના પહોંચતો હોવાના કારણે પણ વીજ સંકટ ઉભું થઈ રહ્યું છે. ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યા પ્રમાણે અત્યારે રેલવેની રોજ ૪૧૫ ટ્રેનો સંચાલન કરી છે, જ્યારે હકિકતમાં ૪૫૩ ટ્રેનો દ્વારા કોલસો પહોંચાડવાનું કામ શરૂ થાય તો આ અછત પૂરી કરી શકાય એમ છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, એક થી છ એપ્રિલ દરમિયાન રોજ માત્ર ૩૭૯ ટ્રેનો ઉપ્લબદ્ધ થઈ જે જરૂરિયાત કરતાં ૧૬ ટકા ઓછી હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે વાહન ચાલકોના અચ્છે દીન આવ્યા : શહેરના રાજમાર્ગોના નવીનીકરણ પૂરજોશમાં



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી ૨૦મી એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આદિવાસી સંમેલન કાર્યક્રમમાં આવવાના હોવાથી સ્થાનિક વહીવટી તંત્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે છેલ્લા કેટલાય સમયથી દાહોદ શહેરના સ્માર્ટ સીટી અંતર્ગત ચાલી રહેલા સ્ટ્રોમ વોટર પ્રોજેક્ટ ભૂગર્ભ ગટર યોજના તેમજ ગુજરાત ગેસની પાઈપ લાઈન સહિતના કામો ચાલતા હોઈ ઠેર ઠેર ખાડાઓ ખોદી દેવામાં આવ્યા હતા. દિવસ ભર ઉડતી ધૂળ ઠેર ઠેર ખોદાયેલા ખાડાઓના લીધે વાહન ચાલકો રાહદારી તેમજ વેપારી સહીત નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. સ્માર્ટ સીટી અંતર્ગતા ચાલતા કામોમાં ઠેર ઠેર ડાયવર્ઝન ના લીધે ટ્રાફિકના જામમાં અટવાતા વાહન ચાલકો પણ હાય તોબા પોકારી ઉઠ્યા હતા. જોકે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક હોવાના કારણે ૨૦મી એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ ખાતે આદિવાસી સંમેલનમાં હાજરી આપવાના હોવાથી વહીવટી તંત્ર દ્વારા વડાપ્રધાન મોદીના આગમન પૂર્વે પૂરજોશમાં તૈયારીઓમાં લાગી ગયું છે. તેમજ રસ્તાઓનું નવીનીકરણનું કાર્ય યુદ્ધના ધોરણે ચાલુ કરી રાત દિવસ ચાલી રહ્યું છે. જેના પગલે દાહોદના મુખ્ય રસ્તાઓનું નવીનીકરણ કરવામાં આવતા રાહદારી તેમજ વાહન ચાલકો સહીત વેપારીઓએ રાહતનો દમ લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદમાં સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતા ખોદકામોને લઈને અનેકવાર ઉડતી ધૂળ ડામરીઓને લઈને સ્થાનિક સંસ્થા તેમજ વહીવટી તંત્ર સમક્ષ શહેરના જાગૃત નાગરિકોએ રજૂઆતો કરવા છતાંય તંત્રના પેટનું પાણી હલતું ના હતું અને હવે જયારે દેશના વડાપ્રધાન દાહોદ આવવાના હોઈ તેને લઈને ગુજરાતનાં મંત્રીઓ સચિવો સહીત વીવીઆઈપી નેતાઓ અને અધિકારીઓને તકલીફોનો સામનો ના કરવો પડે તેને લઈને રાતો રાત ખોદાયેલા રોડ ઉપર ડામર રોડનું નવીનીકરણ થઇ જતું હોઈ ત્યારે ટેક્સ પેયર બૂમો પાડીને પોતાને નડતી મુશ્કેલીઓની વ્યથા સરકારી બાબુઓ અને સ્થાનિક નેતાઓ સમક્ષ કરવા છતાંય રોડ ઉપર ધૂળ ડમરીને કાબુમાં કરવા માટે પાણીનો છટકાવ કરવા માટે પણ નાગરીકોએ રજુઆતો કરી પણ તંત્રએ એક ના સાંભળી નાગરીકોની ત્યારે હવે વડાપ્રધાનની દાહોદ હાજરી હોવાના કારણે દાહોદના રસ્તાઓને વિદેશી રસ્તા બનાવી કાઢ્યા.

દાહોદ ના શેરીજનો તેમજ વેપારી આલમ હાલમાં છૂપો ગણગણાટ સાંભળવા મળી રહ્યો છે કે શું દાહોદના નગરજનો કરતા વધુ વેલ્યુએસન મંત્રીઓની છે, બાકી લોકોની સુખાકારી માટે ખોબલે ખોબલે મત આપી જીતાડેલ અને તેઓના ઉપર રાખેલ આશા અને વિશ્વાસ ખોઈ બેઠા છે. આવનાર દિવસોમાં એનું પરિણામ જરૂર જનતા આપશે.

# પ્રધાનમંત્રીના દાહોદ ખાતે યોજાનારા કાર્યક્રમ સંદર્ભે સુરક્ષા બંદોબસ્તની સમીક્ષા કરતા રાજ્યના પોલીસ મહાનિદેશક આશીષ ભાટીયા



દાહોદ,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આગામી તા. ૨૦ એપ્રીલે દાહોદના ખરોડ ખાતે યોજાનારા કાર્યક્રમ સંદર્ભે રાજ્યના પોલીસ મહાનિદેશક આશીષ ભાટીયાએ આજે કાર્યક્રમ સ્થળના સુરક્ષા બંદોબસ્તની સમીક્ષા કરી હતી. આ સંદર્ભે યોજાયેલી બેઠકમાં રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા ઉપસ્થિત રહ્યાં હતા.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમાં રાજ્યના પોલીસ મહાનિદેશક આશીષ ભાટીયાએ કાર્યક્રમ સ્થળ, હેલીપેડ સ્થળની વ્યવસ્થા, પાર્કિંગ સહિત ઉપસ્થિત રહેનાર જનમેદની સહિતની વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. તેમણે પંચમહાલ રેન્જ આઈજી એમ.એસ. ભરાડા તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાને જરૂરી સૂચનાઓ આપી હતી. એસપી મીણાએ કાર્યક્રમ સ્થળ તેમજ આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત અંગેની માહિતી આપી હતી. તેમજ સભાખંડ, ટ્રાફિક, પાર્કિંગ સહિતની વ્યવસ્થાઓ વિશે વિગતે માહીતી આપી હતી.

રાજ્યના પોલીસ મહાનિદેશક સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ હેલીપેડ સહિતના સ્થળોની મુલાકાત લઇ કાયદો અને વ્યવસ્થાની સ્થિતીનું નિરીક્ષણ કર્યું હતું અને ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા.

બેઠકમાં અધિક પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) નરસિમ્હા કોમાર, આઈજી (સીઆઈડી ક્રાઈમ) સુભાષ ત્રિવેદી, એ.એસ.પી વિજયસિંહ તેમજ એ.એસ.પી સિદ્ધાર્થ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# હનુમાન જયંતિ પૂર્વ સંધ્યાએ પીપળીયા હનુમાન મંદિરના પટાગણમાં ભવ્ય ડાયરાના કાર્યક્રમ : લોક સાહિત્ય સમ્રાટ યોગેશદાન ગઢવી એ રમઝટ બોલાવી

દાહોદ,

કોરોના મહામારીને પગલે છેલ્લા બે વર્ષથી મોકુફ રખાયા બાદ આવતીકાલે એટલે કે, તારીખ ૧૬મી એપ્રિલને શનિવારના રોજ હનુમાન જયંતિના પુર્વ સંધ્યાએ દાહોદ નેતાજી બજાર સ્થિત પીપળીયા હનુમાન મંદિરના પટાંગણમાં ઉભા કરાયેલા રાઘવેન્દ્ર દરબારમાં બમણા ઉત્સાહથી રામાયણ મંડળ હનુમાન બજાર દ્વારા ભવ્ય ડાયરાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લોક સાહિત્ય સમ્રાટ યોગેશદાન ગઢવી તથા તેમના સાથી કલાકારો સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

હનુમાન જન્મોત્સવની પુર્વ સંધ્યાએ શહેરના નેતાજી બજાર સ્થિત પીપળીયા હનુમાન મંદિરના પટાંગણમાં છેલ્લા કેટલાંય વર્ષોથી રામાયણ મંડળ હનુમાન બજાર દ્વારા ડાયરાનું આયોજન કરવામાં આવે છે, પરંતુ બે વર્ષ કોરોનાની મહામારીને કારણે હનુમાન જન્મોત્સવની પૂર્વ સંધ્યાએ ડાયરાનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવતો હતો. આ વર્ષે એટલે કે, ૧૫મી એપ્રિલના રોજ હનુમાન જન્મોત્સવની પુર્વ સંધ્યાએ રાત્રીના સાડા આઠ વાગ્યે શહેરના નેતાજી બજાર પીપળીયા હનુમાન મંદિરના પટાંગણમાં ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લોક સાહિત્ય સમ્રાટ યોગેશદાન ગઢવી તથા સાથી કલાકારો પારસબા ગઢવી, નિશુબા ગઢવી તથા સુખદેવ ઝાલા ઉપસ્થિત રહી દોહા તથા ભજનની રસલ્હાણ પીરસશે જ્યારે તારીખ ૧૬મી એપ્રિલના રોજ શનિવારના દિવસે હનુમાન જન્મોત્સવ નિમિત્તે પીપળીયા હનુમાન મંદિરના પટાંગણમાં સાંજે ચાર કલાકે સુંદરકાંડ પાઠ તથા મહા આરતી યોજાશે.

# દેશમા ૧૯ લાખ લોકો ભૂખ્યા પેટે સુવે છે : અભ્યાસ



નવીદિલ્હી,

ભારતનો સતત વિકાસ થઈ રહ્યો છે અને દરેક ક્ષેત્રમાં દેશ આગળ વધી રહ્યો છે પરંતુ બીજી બાજુ દેશમાં દરરોજ ૧૯ લાખ લોકો ભૂખ્યા પેટે સુઈ જાય છે અને હજુ પણ દેશમાં ૧૦ લાખ બાળકો કુપોષણનો શિકાર બનેલા છે. ભૂખમરાની બાબતમાં ભારતની હાલત ખરાબ છે. ફોરેન એગ્રીકલ્ચર સર્વિસના અહેવાલમાં આ પ્રકારની માહિતી આપવામાં આવી છે. વધુમાં એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે દુનિયામાં સૌથી વધુ અનાજ પેદા કરવામાં ભારત બીજા નંબરે છે છતાં પણ અનાજની બાબતમાં ગરીબોની હાલત ભયંકર છે.

વૈશ્વિક હંગર ઈન્ડેક્સમાં ભારતનો નંબર ૧૧૬ દેશોના લિસ્ટમાં ૧૦૧ નંબર પર છે. તેનો અર્થ એવો છે કે દેશમાં દરરોજ ૧૯ લાખ લોકોને ભૂખ્યા પેટે સૂઈ જવું પડે છે અને એમના બાળકોની હાલત અત્યંત નબળી છે. કારણ કે દેશમાં છ થી ૨૩ મહિના સુધીના ૯૦ ટકા બાળકોને ફરજિયાત ડાયટ મળતો નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે દિવસ પહેલા જ અમેરિકાના પ્રમુખને એવી ખાતરી આપી હતી કે જો વિશ્વ વ્યાપાર સંગઠન મંજુરી આપે તો દુનિયાને અનાજ પૂરો પાડવા માટે ભારત તૈયાર છે. વડાપ્રધાનની આ ખાખરી ના ઉપલક્ષ?યમાં સર્વેની હકીકતો જાહેર કરવામાં આવી છે અને તેમાં એમ જણાવવામાં આવ્યું છે કે અનાજની બાબતમાં ભારતના નાગરિકોની હાલત પહેલાથી જ ખરાબ છે અને લાખો લોકો રોજ ભૂખ્યા સુવે છે અને એમને પૂરતા પ્રમાણમાં અનાજ મળતું નથી અને એમના બાળકો કુપોષણનો શિકાર થઈ રહ્યા છે. આ રિપોર્ટનો કહેવાનો મતલબ એ છે કે જો ભારતના નાગરિકોને પૂરતા પ્રમાણમાં અનાજ મળતું નથી તો પછી ભારત સરકાર દુનિયાના બીજા દેશો ને કેવી રીતે અનાજનો પુરવઠો પૂરો પાડી શકશે. ભારતની હાલત અનાજની બાબતમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ કરતા પણ ખરાબ છે તેવો રિપોર્ટ આ પહેલા પણ આવી ગયો છે.

# દાહોદના મેગા GIDC, ખરેડી, નાનીરાનાપુર સ્થળોએ સ્ટેટ વિજીલન્સે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ, રોકડ અને ચાંદી મળી ૮.૩૩ લાખનો મુદ્દામાલ ઝડપ્યો



દાહોદ,

દાહોદ તાલુકાના મેગા જીઆઈડીસી, ખરેડી અને નાની રાનાપુર એમ ત્રણ સ્થળોએ ગાંધીનગરની સ્ટેટ વિજિલન્સ ટીમે ઓચીંતી પ્રોહી રેડ પાડતા પોલીસે કુલ રૂપિયા ૨,૨૯,૯૪૫/– ના વિદેશી દારૂના જથ્થા સાથે રોકડ રકમ ચાર વાહનો અને ચાંદી મળી કુલ રૂપિયા ૮,૩૩,૧૮૫/– નો મુદ્દામાલ કબજે કર્યાનો જાણવા મળે છે. જ્યારે આ પ્રોહી રેડમાં બે ઈસમોની અટકાયત તેમજ ચાર ફરાર ઈસમો વિરૂદ્ધ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગતરોજ ગાંધીનગરની સ્ટેટ વિજિલન્સ ટીમને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકામાં આવેલ મેગા જીઆઈડીસી ખરેડી અને નાની રાણાપુર ગામે મકાનોમાં ઓચીંતી રેડ પાડી હતી. જેમાં પોલીસે એમાનભાઈ પારસીંગભાઈ હઠીલા અને પ્રતાપભાઈ પ્રેમચંદભાઈ એમ બંને જણાવી અટકાયત કરી હતી અને મકાનોમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૧૬૧૩ જેની કુલ કિંમત રૂપિયા ૨,૨૯,૯૪૫/–, બે મોબાઈલ ફોન ચાર વાહનો તેમજ ચાંદીની રકમ મળી પોલીસે કુલ રૂપિયા ૮,૩૩,૧૮૫/– નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ફરાર વોન્ટેડ એવા ગોમાનભાઈ પારસીંગભાઈ હઠીલા, અનુભાઈ માવી, પીરીયો અને એક ગાડીનો ચાલક એમ કુલ ચાર ફરાર ઈસમો વિરૂદ્ધ ગાંધીનગર સ્ટેટ વિજિલન્સ ટીમે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તાલુકા કાનૂની સેવા સમિતિ, દાહોદ દ્વારા પોકશોના કાયદા અંગે જાગૃકતા કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના પંડયા ફાર્મ પાસે ભીલ સેવા મંડળ દ્વારા સંચાલિત ઉચ્ચતર બુનિયાદી કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ માટે પોકશોનાં કાયદા અંગે જાગૃકતા કાર્યક્રમ સમિતિના ચેરમેન અને જજ આર.એન.પટેલ અને એસ.એલ. રબારીની અધ્યક્ષતામાં યોજાયો હતો.

ચેરમેન, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના માર્ગદર્શન મુજબ બાળકો, વિદ્યાર્થીનીઓ પર થતા જાતિય અત્યાચારો, મહિલાઓના કાયદાઓ અંગે, મફત કાનૂની સલાહ અને સહાય અંગે સમજ એસ એલ. રબારી દ્વારા આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં સમિતિના ચેરમેન અને જજ આર.એન.પટેલ અને એડવોકેટ એ.એમ.ભાભોરે વિસ્તારથી પોકશો એકટની જાણકારી આપી અને એમાં પીડિત બાળકી, વિદ્યાર્થિનીને કે મહિલાઓને પૂર્ણ સહયોગની પણ ખાત્રી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ એ પૂછવામાં આવેલા પ્રશ્નો ના જવાબ પણ આપ્યા હતા.

ભીલ સેવા મંડળ નાં પ્રમુખ શાંતિલાલ નિનામા, મંડળના સેક્રેટરી મુકેશભાઈ એ પ્રાસોંગિક પ્રવચનો કર્યા હતા. શાળા દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પોક્શોનાં કાયદા અંગે જાગૃકતા કાર્યક્રમમાં ૧૨૫ જેટલી વિદ્યાર્થીનીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શાળાની શિક્ષિકા ટીના બેને કર્યું હતું.

# દાહોદના ખરોદા ગામે અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણ પૈકી બે યુવકોના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે તેમજ વાહનની વધુ પડતી ઝડપને કારણે છેલ્લા કેટલાંય સમયથી શરૂ થયેલા માર્ગ અકસ્માતોના ગમખ્વાર બનાવો થમવાનું નામ નથી. લેતી ત્યારે દાહોદ તાલુકાના ખરોદા ગામે રાતના સમયે અજાણ્યા વાહન અને મોટરસાઈકલ વચ્ચે સર્જાયેલ માર્ગ અકસ્માતમાં મોટરસાઈકલ પર સવાર ત્રણ પૈકી બે આશાસ્પદ યુવકોના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

ગતરોજ રાત્રીના આઠથી નવ વાગ્યાના આસપાસ ખરેડી ગામના ૨૦ વર્ષીય વિપુલભાઈ લાલાભાઈ મોહનીયા, ખરોદા ગામના ૧૫ વર્ષીય હિતેશભાઈ રાજુભાઈ નિનામા તેમજ મલવાસી ગામના અંકિતભાઈ ડીંડોર એમ ત્રણેય યુવકો એક મોટરસાઈકલ પર સવાર થઈ ચાકલીયાથી ખરોદા ગામે આવી રહ્યાં હતાં. આ દરમ્યાન ખરોદા ગામે રોડ પર સામેથી પુરપાટ દોડી આવતું કોઈ અજાણ્યા વાહને ઉપરોક્ત મોટરસાઈકલ પર સવાર ત્રણેય યુવકોને અડફેટમાં લેતાં ત્રણેય યુવકો મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે વિપુલભાઈ અને હિતેશભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં બંન્નેના ઘટના સ્થળ પર કમકમાટી ભર્યા મોત નીપજ્યાં હતા. જ્યારે અંકિતભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ થતાં તેઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે મોડી રાત્રે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને ઘટનાની જાણ પોલીસને થતાં સ્થાનીક પોલીસ પણ ઘટના સ્થળે દોડી જઈ મૃતક યુવકોના મૃતદેહને નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યાં હતાં.

આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે અજાણ્યા વાહનના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ગોદીરોડ, બારોટ ચાલમાં જુગાર રમતાં ત્રણ ઈસમોને પોલીસે છાપો મારી ઝડપ્યા

દાહોદ,

ગોદીરોડ, બારોટ ચાલકમાં જાહેરમાં રમાતા પાના પત્તા વડે હારજીતના જુગાર ઉપર દાહોદ શહેર પોલીસે ઓચિંતો છાપો પાડી દાવ પરના તેમજ અંગઝડપીના મળી કુલ રૂા. ૧૨૧૦ની રોકડ, ત્રણ મોબાઈલ ફોન, તથા પત્તાની કેટ મળી કુલ રૂા. ૧૭,૨૧૦ના મુદ્દામાલ સાથે ત્રણ જુગારીઓની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

દાહોદ ઉકરડી રોડ પર રહેતાં મણીલાલ ભાભોર, દેલસર ગામના વિકાસસીંગ મહેન્દ્રસીંહ રાઠો તથા દાહોદ ગોદી રોડ ખાતે રહેતાં દિપકભાઈ ઈન્દ્રસીંગ મારવાડી દાહોદ બારોટ ચાલમાં રાતના સવા દશ વાગ્યાના આસપાસ જાહેરમાં ખુલ્લી જગ્યામાં પત્તા પાના વડે બારજીતનો જુગાર રમી રહ્યાં હતાં. આ દરમ્યાન દાહોદ શહેર પોલીસને મળેલ બાતમીના આધારે સ્થળ પર ઓચિંતો છાપો મારતાં પોલીસે ઉપરોક્ત ત્રણેય જુગારીઓની અટકાયત કરી હતી અને દાવ પરથી રોકડા રૂપીયા ૫૧૦, અંગઝડતીમાંથી રૂા. ૭૦૦, ત્રણ મોબાઈલ ફોન, પાના પત્તાની કેટ મળી કુલ રૂા. ૧૭,૨૧૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂદ્ધ દાહોદ શહેર પોલીસે જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા નગરમાં તારીખ ૨૩ ના ભવ્ય ભાતીગળ રંગ કસુંબલ લોકડાયરો યોજાશે

ગરબાડા,

ગરબાડા નગરમાં વર્ષો બાદ ફરી વાર ભવ્ય ભાતીગળ રંગ કસુંબલ લોકડાયરાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તાલુકા કુમાર શાળાના પટાંગણમાં તારીખ ૨૩ એપ્રિલના રોજ ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોક ડાયરામાં ગુજરાતના જાણીતા માનીતા અને લોકપ્રિય પ્રસિદ્ધ કલાકારો કમલેશ બારોટ, હમીર ગઢવી, દિવ્યાબેન ઠાકોર, રાધેશ્યામ ભરવાડ ડાયરાની જમાવટ કરશે. જેને લઈને લોકો આનંદની લાગણી અનુભવી રહ્યા છે . ભૂતકાળમાં નગરના કેસરિયા ગ્રૃપના યુવાનો દ્વારા માતાજીના ચોકમાં પ્રથમ વખત ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું અને હાલમાં ફરીવાર ગરબાડા ખાતે ભવ્ય લોકડાયરો થવા જઈ રહ્યો છે. ખરેખર આવા ડાયરાનું આયોજન કરનારા પ્રશંસાને પાત્ર છે.

# હુઝૂર સલ્લલ્લા હું અલહી વસલ્લમ કે સાહબઝાદે ઔર સાહબ ઝાદિયા

રસૂલ્લાહ સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમ કે ચાર સાહબઝાદિયા ઔર ૩ સાહબઝાદે થે.

૧. હઝરત ઝૈનબ રદિયલ્લા હું અન્હા (નિકાહ અબ્દુલ) આસ રદિયલ્લાહુ અન્હુ સે હુવા વફાત અને હિજરી–૮)

૨. હઝરત રુકૈયા રદિયલ્લાહુ અન્હા (નિકાહ હજરતે ઉસ્માન ગની સે હુવા વફાતે સને હિજરી–૬)

૩. હઝરત ઉમ્મેકુલ્સુમ રદિયલ્લાહુ અન્હા (નિકાહ હઝરત ઉસ્માનગની સે હુવા વફાત સને હિજરી–૯)

૪. હઝરત ફતેમા ઝહરા રદિયલ્લાહુ અન્હા (નિકાહ હઝરત અી મુરતઝા સે હુવા સને હિજરી–૧૧)

**– સાહબઝાદે–**

૧. હઝરત કાસીમ રદિયલ્લાહુ અન્હુ (બચપન હી મે વફાત પાઈ)

૨. હઝરત અબ્દુલ્લાહ રદિયલ્લાહુ (લકબ તૈયબ તાહિર થા વફાત બચન હી મે વફાન પાઈ)

૩. હઝરત ઈબ્રાહીમ રદિયલ્લાહુ અન્હુ (વફાત બચપન હી મે વફાત પાઈ) હુઝુર સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમ કે સારી અવલાદ હઝરત ખતીજતુલ કુબ્રા રદિયલ્લાહુ અન્હા સેથી સિવાએ હઝરત ઈબ્રાહિમ કી વોહ હઝરત મારીયા કબ્તિયા રદિયલ્લાહુ અન્હાસે જૈ. (હવાલા ખાન કા એહલે સુન્નત કેલન્ડર નવેમ્બર–૨૦૨૦ માંથી)

તા. ૧૬/૦૪/૨૦૨૨ શનિવાર
ખત્મે શહેરી ૪–૫૦
વકતે ઈફતાર ૭–૦૧
નોંધ :– આ ટાઈમ દાહોદ તથા પંચમહાલ પૂરતો છે.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.198

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરાના ઊંડારા ગામેથી બલુજીના મુવાડા પાસે પાનમ કેનાલ માંથી લુણાવાડાના યુવક-યુવતિના મૃતદેહ મળ્યા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

લુણાવાડા નગરમાં ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલના ડોક્ટર વસંત કુમાર જોષીની લાડકી પુત્રી દ્વનિની લાશ પાનમ કેનાલ માંથી મળી આવી હતી. જ્યારે એક પિતાએ પોતાની દીકરીની લાશને જોતા આંખ માંથી આંસુ વહેતા થયા હતા. બનાવ સ્થળ ખાતે મૃતકના પરીવારજનોમાં ઘેરો શોક છવાયો હતો.

- યુવક-યુવતિ એ આત્મહત્યા કે હત્યા કરાઈ તે પી.એમ. રીપોર્ટ બાદ ખુલાસો થશે.
- બન્ને સ્કુલોમાં કરાટેની તાલીમ આપતા હતા.

શહેરા,
શહેરા તાલુકાના ઊંડારા ગામથી બલુજીના મુવાડા પાસેથી પસાર થતી પાનમ કેનાલ માંથી લુણાવાડા નગર મા રહેતા યુવક અને યુવતીની લાશ મળી આવી હતી. મરણ ગયેલ યુવક અને યુવતી સ્કૂલોમાં કરાટે ની તાલીમ આપતા હતા. પોલીસે હાલ આ મામલે જરૂરી કાર્યવાહી સાથે મરણ ગયેલ યુવક અને યુવતીએ આત્મહત્યા કરી છેકે પછી તેઓની હત્યા કરાઈ હશે તે પીએમ રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે તેમ છે.

લુણાવાડા નગરમાં રહેતા દ્વનિબેન વસંતકુમાર જોષી અને ગૌરાંગકુમાર વિક્રમભાઈ ભોઈ આ બન્ને યુવક અને યુવતી સ્કૂલમાં કરાટેની તાલીમ આપવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા. જ્યારે શહેરા તાલુકાના ઉડારા થી બલુજીના મુવાડા ગામ પાસેથી પસાર થતી પાનમ કેનાલમાં આ બન્ને યુવક અને યુવતીની લાશ પાણીમાં તરતી ત્યાંથી પસાર થતા વ્યક્તિને જોવા મળી હતી. જેથી જાગૃત ગ્રામજન દ્વારા આ મામલે પોલીસે જાણ કરવામાં આવતા પોલીસે બનાવની ગંભીરતા ને જોતા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર આર.કે. રાજપૂત, પી.એસ.આઇ કે.એચ. બારીઆ અને રાજેન્દ્રસિંહ ઝાલા સહિતનો પોલીસ સ્ટાફ બનાવ સ્થળ ખાતે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આ બનેલા બનાવની જાણ મૃતકના પરીવારજનોને કરતા તેઓ પણ બનાવ સ્થળે દોડી આવ્યા હતા. પોલીસ દ્વારા સ્થાનિક લોકોની મદદથી યુવતીની લાશ કેનાલ માંથી બહાર કાઢી લેવામાં આવી હતી. જ્યારે યુવકનો મૃતદેહ ત્યાંથી બે કિમી દૂર બલુજીના મુવાડા પાસેની કેનાલ માંથી મળી આવ્યો હતો. કેનાલ ઊંડી હોવાથી યુવાનની લાશ બહાર કાઢવામાં તકલીફ પડતી હોવાથી પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર આર.કે રાજપૂત સહિતનો પોલીસ સ્ટાફ કેનાલની અંદર ઊતરી જઈને યુવકની લાશને બહાર કાઢી હતી. ત્યારે પોલીસની સારી કામગીરી જોવા મળી હતી. પાનમ કેનાલ માંથી યુવક અને યુવતીની લાશને પોલીસ દ્વારા બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવી હતી. જ્યારે ઘટના સ્થળ ખાતે મૃતકના પરીવારજનો સાથે મોટી સંખ્યામાં તેમના સગા સંબંધીઓ સાથે સ્થાનીક ગ્રામજનો પણ ઉમટી આવ્યા હતા. જોવું રહ્યું કે, મરણ ગયેલ યુવક અને યુવતી એ આપઘાત કર્યો હશે કે પછી તેઓની હત્યા કરવામાં આવી હશે, તે પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ જ ખબર પડી જશે તેમ છે.

યુવક અને યુવતીની લાશ પાનમ કેનાલ માંથી મળી આવી છે. આ બન્નેના મુતદેહને પોસ્ટમોર્ટમ કરીને તેમના પરીવારજનોને સોંપવામાં આવેલ છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડે કે, આ બન્નેએ આપઘાત કરેલ કે હત્યા છે.
**આર.કે. રાજપૂત, પોલીસ ઈન્સ્પેકટર પોલીસ મથક, શહેરા**

દ્વનિ જોષી અને ગૌરાંગ ભોઈની જે પાનમ કેનાલ માંથી લાશ મળી હતી. તે સ્થળ ખાતેથી પોલીસને ધારદાર પતરી મળી આવતા પોલીસ દ્વારા વધુ તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

લુણાવાડા નગરમાં રહેતા દ્વનિ જોષી અને ગૌરાંગ ભોઈ આ બન્ને તાલુકાની શાળાઓમાં વિદ્યાર્થીઓને કરાટે ની તાલીમ આપતા હતા. જ્યારે આ બન્નેની પાનમ કેનાલ માંથી લાશ મળી આવવા સાથે બે વાહનો પણ સ્થળ ખાતે જોવા મળ્યા હતા અને કેનાલની અંદર થી યુવક અને યુવતીના મોબાઈલ પણ મળી આવ્યા છે. ત્યારે પોલીસ દ્વારા આ બનાવને ખૂબ જ ગંભીરતાથી લઈને ઝીણવટભરી તપાસનો દોર શરૂ કરીને યુવક અને યુવતીએ આપઘાત કર્યો કે પછી તેઓની હત્યા કરવામાં આવી છે કે શું? હાલ તો પોલીસે જાણવા જોગ ફરીયાદ નોંધીને પોસ્ટમોર્ટમ રીપોર્ટની રાહ દેખી રહયા હોય તેમ લાગી રહયુ છે.

## મોરવા(હ)ના સાલીયા ખેડા ફળીયા પાસે પિયર વડેલાવ સાસરીમાં અસાયડી જવા નિકળેલ પરણિતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના સાલીયા ખેડા ફળીયા પાસે બાવડના ઝાડની ડાળખા ઉપર પરણિતાએ ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરેલ મૃતદેહ મળી આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના વડેલાવ ગામની સીતાબેનના લગ્ન બે વર્ષ અગાઉ અસાયડી ભૂત ફળીયામાં રહેતા નરેશભાઈ રાજુભાઈ પટેલ સાથે થયા હતા. લગ્નના બે વર્ષ પછી ઘરના કામકાજ બાબતે તેમજ જમવા બનાવતા આવડતું નથી. તેને સંતાન થતા નથી. તેમ કહીને મેણાટોણા મારી શારીરિક માનસીક ત્રાસ અપાતો હોય જેથી પિયરમાં આવેલ હતી અને ૧૧ એપ્રિલના રોજ સાંજના સમયે સીતાબેન નરેશભાઈ પટેલ ઉ.વ.૨૭ પોતાના પિયરમાંથી પોતાની સાસરી અસાયડી ભૂત ફળીયા તા.દે.બારીયા જવાન નીકળેલ હતા પરંતુ સાસરીમાં પતિ અને સાસુ-સસરાના ત્રાસ થી કંટાળીને પોતાના જીવનનો અંત લાવવા સાલીયા ખેડા ફળીયા પાસે ગાંડા બાવળનાં ઝાડની ડાળ ઉપર ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે સાસરીયા અને પતિ વિરૂદ્ધ મરવા માટેની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલ પોલીસ મથકના અપહરણ-બળાત્કારના વોન્ટેડ આરોપીને રાજગઢ બસ સ્ટેન્ડ માંથી LCBએ ઝડપ્યો



હાલોલ,
હાલોલ પોલીસ મથકના અપહરણ-બળાત્કારના પોસ્કો હેઠળ વોન્ટેડ નાસતા-ફરતા આરોપીને બાતમીના આધારે રાજગઢ બસ સ્ટેશન પાસેથી એલ.સી.બી.પોલીસે ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ પોલીસ મથકના અપહરણ અને બળાત્કારના પોસ્કોના આરોપી અકેશ ઉર્ફે ચીમો રમણભાઈ રાઠવા રહે. નવા ઝાખરીયા તા.હાલોલ વોન્ટેડ અને નાસતો ફરતો હોય આરોપી અંગે એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, આરોપી રાજગઢ બસ સ્ટેન્ડમાં ઉભેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો અને આરોપીને હાલોલ પોલીસને સોંપવામાં આવ્યો.

## ગોધરા-કાંસુડી રેલ્વે ટ્રેક ઉપર ટ્રેનની અડફેટમાં અજાણ્યા યુવાનનું મોત હાથના AD ભાગે લખેલ હોય વાલીવારસોએ રેલ્વે પોલીસનો સંપર્ક કરવો

ગોધરા,
ગોધરા અને કાંસુડી રેલ્વે સ્ટેશન વચ્ચે કિ.મી.નં.૪૭૩/૬-૮ની વચ્ચે ડાઉન ઉપર કોઈ પણ ડાઉન ટ્રેનની અડફેટમાં તા.૧૧/૦૪/૨૨ ના ૪.૪૫ વાગ્યા પહેલા કોઈ અજાણ્યા પુરૂષ ઉ.વ.૩૭ના આશરાનો આવી જતાં શરીરે ગંભીર ઈજાઓ થતાં મરણ ગયેલ હોય આ બાબતે રેલ્વે પોલીસ સ્ટેશન દ્વારા અ.મોત નં.૫/૨૨ સીઆરપીસી કલમ ૧૭૪ મુજબ ફરિયાદ નોંધાવામાં આવી છે. મરણજનાર ઈસમના કોઈ વાલીવાસરો મળી આવેલ ન હોય મૃતકના વાલીવારસો તપાસ થવા સારૂ મૃતક યુવાનએ આખી બાંઈનો કાળા કલરનો શર્ટ અને ભુરા કલરનું પેન્ટ, મદયમ બાંધો ઉંચાઈ ૫ x ૫ જમણા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં A.D લખેલ છે. જો કોઈ વાલીવારસો હોય તેમના દ્વારા રેલ્વે પોલીસનો સંપર્ક કરવો.

## મોરવા(હ)ના કશનપુરના ૪૬ વર્ષીય મહિલાએ ટેન્શનમાં ઝેરી દવા પી જતાં સારવાર દરમ્યાન મોત

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના કશનપુર ગામે રહેતા ૪૬ વર્ષીય મહિલાના સાસુના મરણ બાદ ઘરની જવાબદારી આવી જતાં ટેન્શન આવી મકાઈમાં નાખવાની ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ)ના કશનપુર ગામે રહેતા સુશીલાબેન વનરાજસિંહ બારીયા ઉ.વ.૪૬ના સાસુના મરણ થતાં ઘરની જવાબદારી સુશીલાબેનના માથે આવી હતી. જેને લઈ મગજ ઉપર ટેન્શનમાં આવી જતા પોતાના ઘરમાં મકાઈમાં નાખવાની ઝેરી દવા પી ગયેલ હોય તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

## શહેરાના ઉજડા ગામની ૧૬ વર્ષીય યુવતિ માનસીક બિમારીથી કંટાળી ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત

શહેરા,
શહેરા તાલુકાના ઉજડા ગામે રહેતી ૧૬ વર્ષીય યુવતિ માનસીક બિમારી થી પીડાતી હોય તેને મનમાં લાગી આવતા કોઈ ઝેરી દવા પી જતાં સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના ઉજડા ગામે દશરથભાઈ ભોઈની ૧૬ વર્ષીય પુત્રી જાનકીબેન જે માનસીક બિમારી થી પીડાતા હોય જેથી મનમાં કંઈક લાગી આવતા ૧૪ એપ્રિલના રોજ પોતાના ઘરમાં કોઈ ઝેરી દવા પી જતાં દવા સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં દવા સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા ખાડી ફળીયામાં વરલી મટકાના જુગાર સ્થળે રેઈડ કરી ૩ ઈસમોને LCBપોલીસે ઝડપ્યા

ગોધરા,
ગોધરા ખાડી ફળીયા વિસ્તારમાં રહેણાંક મકાન આગળ ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમાડતા હોય તે સ્થળે એલ.સી.બી. પોલીસે રેઇડ કરી ત્રણ ઈસમોને ૧૦,૫૯૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા ખાડી ફળીયામાં રહેતા રાજુ પ્રભુદાસ ખ્રિસ્તી તથા સુનિલ ઉર્ફે સુનકો પ્રભુદાસ ખ્રિસ્તી બન્ને નોકરો રાખીને ખાડી ફળીયામાં આવેલ રહેણાંક મકાનની આગળ ખુલ્લામાં બેસી વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમાડતા હોય તે સ્થળે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઓમ પ્રકાશ ઈશ્વરલાલ તારાણી, રાજેન્દ્રભાઈ નાનુભાઈ બારીયા, દિલીપભાઈ પ્રેમચંદ રાસધારીને ઝડપી પાડવામાં આવ્યા ઝડપાયેલા ઈસમો પાસેથી ૧૦,૫૯૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## ગોધરા ભુરાવાવ હરિકૃષ્ણ સોસાયટીમાં સ્ટેટ મોનીટરીંગ સેલે રેઈડ કરી ૪ હજારના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

ગોધરા,
ગોધરાના ભુરાવાવ હરિકૃષ્ણનગર સોસાયટીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ હોય તેવી બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રેઈડ કરવામાં આવી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ અને બીયર મળી ૪,૨૨૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨ મળી ૧૪,૨૨૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ભુરાવાવ હરિકૃષ્ણ નગરમાં રહેતા રામચંદ દાલુમલ ભાગચંદાણી પોતાના રહેણાક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન ઘર માંથી ભારતીય બનાવટની નાની મોટી બોટલો અને બીયર મળી રૂપીયા ૪,૨૨૦/-રૂપીયા તથા મોબાઈલ ફોન નંગ-૨ ૧૦,૦૦૦/-મળી ૧૪,૨૨૦/- -રૂપીયા મુદ્દામાલ સાથે રામચંદ દાલુમલ ભાગચંદાણીને ઝડપી પાડવામાં આવ્દ્યો હતો. જ્યારે અશોક રામાચંદ ભાગચંદાણી, ચમનને વોન્ટેડ જાહેર કરી આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## ગોધરા વાવડી બુઝર્ગ શ્રીરામપાર્ક ઘર માંથી ૭ હજારના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

ગોધરા,
ગોધરા વાવડી બુઝર્ગ શ્રીરામ પાર્ક સોસાયટીના રહેણાંક મકાનમાં ઈસમ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ કિંમત ૭,૯૨૦/-રૂપીયાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા વાવડી બુઝર્ગ શ્રીરામ પાર્ક સોસાયટીમાં રહેતા જીતેન્દ્ર ઉર્ફે જીતુ નારાયણદાસ કલવાણી પોતાના રહેણાંક ઘરમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે એ ડીવીઝન પોલીસે રેઈડ કરી ઘર માંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ-૧૧ કિંમત ૭,૯૨૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે જીતુ નારાયણ કલવાણીને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો.

## દેશમાં સારું પણ ગુજરાતમાં ચોમાસું નબળું રહેવાની હવામાન વિભાગે આગાહી કરી

ગાંધીનગર,
ગુજરાતના ખેડૂતો માટે દરેક સીઝન કપરી બની રહે છે. શિયાળા અને ઉનાળામાં માવઠુ થાય છે અને ચોમાસામાં અતિવરસાદ થાય છે. પરંતુ આ વર્ષનુ ચોમાસુ ખેડૂતોને સો ટકા રડાવશે. ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર છે. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ આ વર્ષે ગુજરાતમાં ચોમાસું નબળું રહેશે. જૂનથી સપ્ટેમ્બર સુધી ૩૫થી ૬૫ ટકા વરસાદની આગાહી કરાઈ છે. ચોમાસાની સીઝનમાં મહેસાણામાં ૪૫થી ૬૫ ટકા વરસાદની શક્યતા છે. જ્યારે પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠામાં ૩૫ થી ૫૫ ટકા વરસાદની આગાહી કરાઈ છે.

મહત્વનું છે કે, ઉનાળામાં જ ગુજરાતમાં જળસ્તર ઘટવા લાગ્યા છે. અત્યારથી જ પાણીની બૂમો ઉઠી છે. ખેડૂતો પાણીની માંગ સાથે રસ્તા પર ઉતરી રહ્યાં છે. ત્યારે હવે આગામી સીઝનમાં વરસાદની ઘટની આગાહીથી ખેડૂતોની ચિંતા વધી શકે છે. ગુજરાતમાં ગત વર્ષે ૩૨.૫૬ ઈંચ સાથે સિઝનનો સરેરાશ ૯૮.૪૫ ટકા વરસાદ નોંધાયો હતો. ત્યારે હવે જો આ વર્ષે વરસાદ ઓછો નોંધાશે તો ફરીથી પાણીની પોકાર ઉઠશે. આ ચોમાસું નબળુ જશે, તો આગામી ઉનાળો વધુ આકરો જશે.

આગામી ૫ દિવસ સુધી રાજ્યમાં ગરમીનો વધુ એક રાઉન્ડ જોવા મળશે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં શનિ અને રવિવારે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી ૨૦ એપ્રિલ સુધી અમદાવાદમાં તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ જ રહે તેવી સંભાવના છે. જેથી આગામી દિવસોમાં કાળઝાળ ગરમીનો સામનો કરવો પડશે. આગામી ૩ દિવસમાં ગરમીમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો નોંધાશે. શનિવારે બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો રવિવારે સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છમાં કાળઝાળ ગરમીની સંભાવનાને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવી છે.

## રાજ્યમાં બે દિવસ હિટવેવની આગાહી, આગામી બે દિવસ આકરી ગરમી પડશે

અમદાવાદ,
ગુજરાત રાજ્યમાં વધુ બે દિવસ માટે હિટ વેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં બે દિવસ આકરી ગરમી પડશે. તો બનાસકાંઠા, સુરેન્દ્રનગર, અને કચ્છમાં હિતવેવની આગાહી કરવામાં આવી છે. તો રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદ ખાતે પાઈ રહી છે. અંહી તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર કરી ગયો છે. ગુજરાત સહીત દેશભરમાં ગરમીનો હાહાકાર છે. ત્યારે આગામી દિવસોમાં ગરમીથી શેકાવા માટે તૈયાર રહેજો. રાજ્યમાં આગ ઝરતી ગરમીનો અહેસાસ કરવો પડશે. જો કે, માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીનો પ્રકોપ યથાવત છે. એપ્રિલ મહિનામાં ગુજરાતના મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડીગ્રી વટાવી ગયો હતો. શનિવારથી તાપમાનમાં થોડો ઘટાડો થતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી રહી છે. અને હવે ૧૬-૧૭ અપ્રિલના રોજ હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી દક્ષિણ-પશ્રિમ દિશામાંથી ભેજવાળા પવન ફુંકાતા હતા. હવે ઉતર દિશામાંથી જમીન પરના પવન ફુંકાઈ રહ્યા હોવાથી તાપમાનમાં વધારો થયો છે. હીટવેવથી બચવા દ્વારા તંત્ર દ્વારા લોકોને પણ તડકામાં કામ વગર બહાર ન જવાની સલાહ આપવામાં આવી છે. અમદાવાદમાં ત્રણ દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જે ત્રણ દિવસ અમદાવાદમાં ૪૪ ડિગ્રી પારો રહેશે. અમદાવાદમાં સામાન્ય રીતે મે માસમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર થતો હોય છે. પરંતુ આ વખતે એપ્રિલમાં જ ગરમી નવા રેકોર્ડ સર્જવાના મૂડમાં હોય તેમ જણાય છે. જે આગામી દિવસોમાં અમદાવાદ સહીત રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડશે.

## ચૈત્રી પૂનમને લઈને પગપાળા જતા ભક્તો માટે ચોટીલા હાઈવે પર તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા કરાઈ

ચોટીલા,
ચૈત્ર માસ એટલે પવિત્ર માસ. આ મહિનામાં માતાજીના નોરતા અને ચૈત્રી પૂનમનું ખૂબ મહત્વ રહેલુ છે.ત્યારે શનિવારે એટલે કે ૧૬ એપ્રિલે ચૈત્રી પૂનમ છે. ત્યારે માર્ગો પર જય જય અંબેના નાદ સાથે ભક્તો પગપાળા માતાજીના દર્શને જઈ રહ્યા છે. ત્યારે વાત કરીએ સુરેન્દ્રનગરમાં આવેલા ચોટીલાની. ચોટીલા જતા ભક્તો માટે ઠેર ઠેર સેવા કેમ્પો શરુ થઈ ગયા છે. માર્ગો પર હાથમાં ધજા લઈને માતાજીનું નામ લેતા લેતા પગપાળા સંઘો ચોટીલા તરફ આગળ વધી રહ્યાછે.માઈ ભક્તોને કોઈ અગવડતા ન પડે તે માટે તંત્ર દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ શરુ કરવામાં આવી છે. ચૈત્રી પૂનમના અવસરે માતાજીના મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે ચોટીલામાં પણ પૂનમને લઈને ભક્તો પગપાળા નીકળી પડ્યા છે. માઈ ભક્તોને કોઈ અગવડતા ન પહોંચે તે માટે ખાસ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. શ્રદ્ધાળુઓને જમવા, આરામ કરતા તથા ચા પાણી નાસ્તો સહિતની સેવાઓ આપવામાં આવી રહી છે. ચોટીલા હાઈવે પર આવેલી મામલતદાર કચેરી અને પ્રાંત કચેરી ખાતે છેલ્લા દસેક વર્ષથી ચૈત્રી નવરાત્રિ અને પૂનમ દરમિયાન કેમ્પ યોજવામાં આવે છે.મામલતદાર કચેરી અને પ્રાંત કચેરી દ્વારા ભક્તોને કોઈ અગવડતા ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. ૨૪ કલાક સતત અહીં પગપાળા આવતા સંઘ માટે રસોડુ ધમધમે છે.

સુરેન્દ્ર નગર જિલ્લામાં આવેલુ ચોટીલાધામ. અહીં ૬૪ જોગણીમાના એક અવતાર એવા ચામુંડા મા બિરાજે છે. ૧હજાર ૧૭૩ ફૂટ ઊંચાઈ પર બિરાજિત ચામુંડા મા એ હિંદુઓના કુળદેવી છે. પૂનમના દિવસે અહીં પગ મૂકવાની પણ જગ્યા ન હોય. આખા ગુજરાતમાં ક્યાંય ક્યાંયથી લોકો માતાજીના દર્શન કરવા ચોટીલા આવે છે. અંદાજિત એક હજાર જેટલા પગથિયા ચઢીને જઈએ ત્યારે માતાજીના દર્શન થાય છે. ડુંગરની ટોચ પર માતાજીનું સ્થાન છે.

## અમદાવાદમાં રિક્ષાના પૈડા થંભી ગયા, બે લાખથી વધુ રિક્ષા ચાલકો હડતાળ પર, મુસાફરોને મુશ્કેલી થઈ!

અમદાવાદ,
દેશ અને ગુજરાતમાં તમામ ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. તેની અસર સામાન્ય માણસ પણ ઉંડી થઈ છે. આ વચ્ચે અમદાવાદમાં રિક્ષાના પૈડા થંભી ગયા હતાં. કુલ ૨ લાખ ૧૮ હજાર જેટલા રિક્ષા ચાલકો હડતાળ પર ઉતર્યા હતાં. રિક્ષા ચાલકના ૧૧ યુનિયન હડતાળમાં જોડાયા હતાં અને સરકાર માંગ ન સ્વીકારે તો રાજ્ય વ્યાપી હડતાળનું રીક્ષા ચાલકો દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે રિક્ષાની હડતાળથી મુસાફરોને ભારે મુશ્કેલી સર્જાઈ હતી રિક્ષા ચાલકોને આપ અને કોંગ્રેસ દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો છે..ઉલ્લેખનીય છે પેસેન્જર લઈને જતી રિક્ષાઓ પણ રોકવામાં આવી હતી..રિક્ષા રોકી પેસેન્જરને નીચે ઉતારવામાં આવ્યા હતા. સીએનજી ભાવ વધારા વિરોધ સમિતિના કન્વિનરોએ જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ-ડીઝલ કરતાં પણ સીએનજીના ભાવમાં ભારે વધારો થયો છે. જેના કારણે લાખો રિક્ષા ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સરકાર અને ગેસ કંપનીઓ ભાવવધારો પાછો નહીં ખેંચે તો અમદાવાદથી ગાંધીનગરના રાજભવન સુધી રિક્ષા રેલી નીકળશે અને સમિતિ રાજ્યવ્યાપી લડત કરશે.